સાલ : ૧૧ / સિલસિલાવાર નંબર : ૧૨૦ / શુમારો : ૯ કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. ઝીલ્કાદ-ઝીલ્હજ્જ ૧૪૩૫ / સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૧૪

મીસાક અને પાકી

હક્કતઆલા કુરઆને કરીમમાં સૂરતુલ માએદહની છઠ્ઠી અને સાતમી આયતે શરીફહમાં વુઝૂ-તહારતની ઝિક્ર સાથે મીસાકથી નફ્સોંને પાક કરવાનું બયાન ફરમાવે છે. ઈરશાદે ઈલાહી છે કે, "અય તે લોગો જે ઈમાન લાવા, જે વક્ત તમેં નમાઝ પઢવા વાસ્તે ઉભા થાવ તો તમારા મૂંહ અને હાથોંને કોણીઓ સાથે ધોવ, અને તમારા માથાઓ અને તમારા પગોને તખ્ના તક મસહ કરો, અને અગર તમેં જનાબતવાલા હોવ તો ગુસ્લ કરો, અને અગર તમેં બીમાર યા મુસાફિર હોવ યા તમારા માંથી કોઈ હાજિત-ગાઈટ (સંડાસ) કરીને આવો હોય યા તમેં બૈરાઓની સોહબત કીધી હોય પછી તમને પાની ન મિલે તો પાક માટીથી તયમ્મુમ કરો. પછી તમારા મૂંહ અને હાથોંની તે માટીથી મસહ કરો. હક્કતઆલા નથી ચાહતો કે, તમારા સાથે કોઈ તંગી કરે પણ તે તો ચાહે છે કે, તમને પાક કરે અને તેની નેઅમતને તમારા પર તમામ કરે જેથી તમેં શુક્ર કરો. તમને હક્કતઆલાએ જે નેઅમત આપી તેને યાદ કરો અને તેના મીસાકને યાદ કરો કે જેથી તમને બાંધા જે વક્ત તમેં કહ્યું કે, હમેં સાંભલું અને તાઅત કીધી અને હક્કતઆલાથી ડરો. ઝરૂર હક્કતઆલા સીનાઓની વાતોંને જાણે છે."

દાઅવતુલ હક્કના બાતિની કિતાબોંમાં બયાન છે કે, તહારત-પાકીની મિસાલ હક્કતઆલાનો અહેદ-મીસાક છે, જે મીસાકના સબબ અને તે મીસાકમાં શરીઅતો ઈમાનનું જે બયાન આવું છે તેના સબબ અને ઈમાનની શરતો મુજબ અમલ કરવાના સબબ, **મીસાક આપનાર મુમિનના દિલમાંથી કુફ્ર, શિર્ક, નિફાક, શક દૂર થાય છે અને તમામ ગુનાહોંથી પાકીઝગી હાસિલ થાય છે.** જે મુજબ પાક પાનીથી ગાઈટ, પૈશાબ, વાછૂટ, ભીગાશ યા એ તરહની હર કિસ્મની નજાસતથી તહારત અને સફાઈ હાસિલ થાય છે, તે જ મુજબ દાઅવતુલ હક્કની નિદાને લબ્બૈક કહેનાર, તેની હિદાયતો હિકમતને કુબૂલ કરનાર અને હર વક્ત સાહેબે દાઅવતથી જ ઈલ્મને તલબ કરનાર મુખ્લિસ મુમિન અહેદ-મીસાક આપા બાદ, પોતાના માલ અને નફ્સને ઈમામુઝઝમાન (અ.સ.) ને સિપુર્દ કરે, હર હાલમાં અને હર વક્તમાં મીસાક લેનાર સાહેબ નાઈબે ઈમામુઝઝમાન યાઅની દાઈયુઝઝમાનથી રાઝી રહે, ફરમાંબરદારીના સાયામાં રહે તો તે મુમિન તમામ ગુનાહોંથી સાફ થઈ જાય છે.

દર હકીકત તમામ જાણે છે કે, જે વક્ત એક નૌમૌલૂદ તાઝું પૈદા થયેલું બચ્ચું પોતાના માંના શિકમ માંથી નિકલીને આ દુનિયાની ફિઝામાં આવે છે તો એ બિલકુલ બેગુનાહ અને માઅસૂમ હોય છે. પછી તેની ઝિંદગી અને આઅમાલ, તેએ હાસિલ કીધેલી તરબીયત અને તાઅલીમ પર દારોમદાર રાખે છે. આ જ મિસાલ પર દાઅવતુલ હક્કના ઈમાનના દાએરામાં દાખિલ થાનાર મુખ્લિસ મુમિન બેગુનાહ હોય છે. હવે મીસાક આપા બાદ તે મુમિન સાહેબે દાઅવતને નઝદીક રહીને પોતાના ઈલ્મો અમલને કઈ તરહ સઁવારે છે, ઝીનત બખ્શે છે, પુખ્તા બનાવે છે, મહબ્બતથી મુનવ્વર કરે છે, તેના પર તેના જાન-નફ્સને દરજા હાસિલ થાય છે. **મીસાક પહેલા તો તે ફક્ત એક મુસલમાન હતો પણ મીસાક આપા બાદ તે ઈમાનમાં દાખિલ થાય છે અને તેની મુમિનપણાની ઝિંદગીની શુરૂઆત થાય છે.** અલવી જમાઅતમાં પૈદા થાનાર કોઈ પણ ફરઝંદ યા દુખ્તર હરગિઝ અલવી નથી કહેવાતો જહાઁ તક તે દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ને મીસાક અરઝ ન કરે. દાઈએ હક્કને નઝદીક અલવીયતનો જે શખ્સ ઈકરાર કરે તેને જ અલવી કહી શકાય છે. જે ફાસિદ લોગો ખુદને મીસાકુલ ઔલિયા બગૈર અલવી કહે છે તેના દિલોંમાં કુફ્ર, નિફાક અને નાપાકી સિવાય બીજું કઈ જ નથી. તેઓ ફક્ત નામના જ અલવી છે, કેમકે ઈમાન કે શરીઅતના આઅમાલ તેઓ વાસ્તે ફક્ત રમતબાઝી, ઠગબાઝી અને દેખાવ છે. સમાજમાં પહેચાન બાકી રાખવા વાસ્તે તેઓ ખુદ પર અલવી હોવાનું

(બકીયાહ પેજ નં. ૨ પર)

દોઆ અને સદકો, મૌતને પણ ટાલી દે છે.

(પેજ નં. ૧ નું બાકી)

નકલી લેબલ ચોંટાડે છે પણ હકીકત કઈ બીજી જ હોય છે. તેઓ દાઅવતુલ હક્કના પાક હરમની બરકાતથી મહેરૂમ અને બદનસીબ હોય છે. અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ની કાઈમ-મકામીનો જે શખ્સ ઈકરાર કરશે તેની નઝરમાં અહેદ-મીસાકનો અકીદો ખૂબ આઅલા અને બરતર હશે. સાહેબે હક્ક અને તેના દરમિયાન રિશ્તા અને વાબિસ્તગીમાં તે કોઈ વક્ત કુસૂર નહીં કરે અને પોતાના હર અમલને મીસાકના તાર સાથે જોડેલો રાખશે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"લા સલાતા ઈલ્લા બેતોહૂરિન"**, યાઅની વુઝૂ કરીને જ નમાઝ પઢી શકાય છે. જે શખ્સ વુઝૂ કરીને પાક ન થાય તો તેની નમાઝ જાઈઝ નથી. બીજા એક કલામમાં ઝિક આવી છે કે, **"લા દાઅવતા ઈલ્લા બેઅહદિન"**, યાઅની અહેદ-મીસાકથી જ દાઅવત કાઈમ થાય છે. જે શખ્સને એમ હોય કે તે દાઅવતુલ હક્કમાં દાખિલ થાય, તો તેના પર લાઝિમ છે કે તે ખુદને પૂરી તરહ સાહેબે દાઅવતને સોંપી દે. એક ઝર્રા બરાબર પણ પોતાની ઝિદ કે પોતાની મનમાની ન કરે. દીનના તકાઝા અને અકીદાના એતેબારથી આ જ સમઝ દુરૂસ્ત અને સહી છે, બાકી બધી જ વાતો ગુમ્રાહી અને ફિત્નો છે. જે મુજબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઈતાઅત પહેલા આપના વસીએ અન્વર મૌલાના અલી (અ.સ.) ની ઈતાઅત ઝરૂરી છે, વુઝૂ કરતા પહેલા પાનીનું પાક હોવું ઝરૂરી છે, નમાઝ પઢતા પહેલા નિય્યત લેવી ઝરૂરી છે, હજ્જ પહેલા અહેરામ બાંધવો ઝરૂરી છે, **તેમ મુમિનની ઈમાની અને દીની વિલાદત વાસ્તે અહેદ-મીસાક ઝરૂરી થઈ જાય છે.**

મુકદ્દર હતું કે, આગલી ઉમ્મતોની તરહ ઉમ્મતે મોહંમદ (સ.અ.વ.વ.) માં પણ ઈખ્તેલાફ થઈ જાય અને હક્કના સાહેબને છોડીને દુનિયા, દૌલત અને રિયાસતની લાલચમાં પડીને ઈસ્લામમાં બેશુમાર અલગ-અલગ મઝહબો થઈ જાય, તો હક્કતઆલાએ પોતાના નબી પર એમ વાજિબ કરી દીધું કે, જે પણ શખ્સ આ દીને હક્કમાં દાખિલ થાવા ચાહે તો પહેલા તેનાથી મીસાક લેવામાં આવે, જેથી ઈબ્લીસ અને તેના સાથી શયતાનોં મુમેનીનના ઝુમ્રામાં શરીક ન થઈ જાય. દાઅવતુલ હક્કનો કાનૂન છે કે, જે વક્ત કોઈ શખ્સમાં ઈમાન અને અમલને લગતો કુસૂર જોઈ યા તે નાફરમાન થાય તો તેનાથી પહેલા મીસાક લેવામાં આવે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની એ સુન્નતે મુબારકહ હતી કે, આપ હર કોઈ ઈસ્લામમાં દાખિલ થાવાવાલાથી મીસાક લેતા અને એમ ઈકરાર લેતા કે, **"તું મને બયઅત આપ કે, મેં તુંને જે હુકમ કરૂં તો તેને તું બિલા હુજ્જતો દલીલ કુબૂલ કરીશ, તે જ મુજબ વફાદારીથી અમલ કરીશ."**


હર કૌમ અને મિલ્લતના ઓલમા-હોકમા પોતાના લોગોમાં ઈત્તેફાક ઉભો કરવા મીસાકના કાનૂનનું પાલન કરતા આવા છે. યહાઁ તક કે, હઝારોં સાલથી અંબિયા-ઔસિયા આ ઈલાહી સુન્નત પર ચાલી રહ્યા છે. આ અમલનો મકસદ એક જ છે કે, તેના ઝરીએ મુમેનીનને આખેરતમાં હમેશાની ઝિંદગી નસીબ થાય અને દુનિયામાં મુમેનીન વાસ્તે દીને હક્કની હિફાઝત રહે. આ સુન્નતુલ્લાહ અને સુન્નતુલ અંબિયા પર મોહર મારનાર સૈયેદુલ મુરસલીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) છે, જેએ આપના ઈન્તેકાલ પહેલા ફરમાને ઈલાહી મુતાબિક ૧૦ હિ. માં ૧૮ ઝુલ હિજ્જહના દિન ગદીરે ખુમ્મના મૈદાનમાં આપના દામાદ અને કાકાજીના દીકરા મૌલાના અલી (અ.સ.) ને આપની જગા પર આપના કાઈમ-મકામની હૈસીયતથી ઊંચા કીધા. આ સુન્નતને યાદ કરીને અને તેના પર અમલ કરીને અપની અલવી જમાઅતના હર મુમિન-મુમેનહ અપના દાઈયુઝઝમાન સૈયેદના અબૂ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ને મીસાક અરઝ કરે છે અને ઈમાનના લાકીમત ઝૈવરથી ખુદને મુઝય્યન કરે છે. હક્કતઆલા, આ નેઅમતે અલવીયહનો ફૈઝ મુમેનીનની જમાઅતમાં કેયામતના દિન તક જારી-સારી રાખે. આમીન યા ખૈરલ ફાતેહીન. ✯

(પેજ નં. ૯ નું બાકી)

હક્કદાર હતો તે મને મિલી ગયો અને હવે હું ગુનાહથી આઝાદ થઈ ગયો. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "બેશક! માઁના કદમોંને નીચે જન્નત છે." માઁનો એહતેરામ હર ઔલાદ પર ફરઝ છે અને એની ખિદમતમાં કોતાહી ઔલાદને અઝાબે ઈલાહી તરફ ખેંચી જાય છે. શું હાલ થાશે તે ઔલાદનો જે પોતાના માઁ-બાપની ખિદમત તો દૂર પણ તેઓની બુઝુર્ગીમાં તેઓને બદહાલીમાં છોડીને સતાવે છે! ✯

ફઝલે ખુદા અને રહેમત, બંદા પાસે અફઝલ ઝખીરો છે.

લફ્ઝી કશ-મ-કશ



❋ ઉભી તરકીબ :

૧) મૌ. હૂદ (અ.સ.) ની દાઅવતને કુબૂલ ના કરનારી કૌમ _____ હતી. (૨)

૨) શીઅયાને હુસૈન (અ.સ.) ને અહલુલ બૈત પર _____ કરવાની અઝીમ નેઅમત મિલેલી છે. (૩)

૩) લોગો હવે દીનને ફરઝ સમઝીને નહીં પણ _____ માનીને પાલે છે. (૩)

૭) મૌ. આમેના બિન્તે વહ્હબ (રિ.અ.), મૌ. અલી (અ.સ.) ના _____ સાહેબા થાય. (૨)

❋ આડી તરકીબ :

૨) વતને _____ માં રોઝી મિલવી તે અલ્લાહનો ઘણો મોટો કરમ છે. (૩)

૪) _____ ને આવવામાં ન એક ઘડી આગલ થાશે, ન એક ઘડી પાછલ થાશે. (૨)


૫) તવાફ કીધા બાદ સઅય કરનાર _____ ની ટેકરીથી મરવહની ટેકરી તરફ સઅય કરે છે. (૨)

૬) જિસ્માની અને નફસાની જેહાદના સબબ અલ્લાહતઆલા મુમિનને જન્નતમાં આઅલા _____ અતા કરશે. (૩)

૦ સહીહ જવાબ આપનાર : મોહંમદઅલી કે. કાચવાલા

૦ અલ-હાજ્જ અબ્બાસભાઇ અલીભાઇ દારૂવાલા તરફથી આ કોલમ વાસ્તે હદીયો ઈનાયત કરવામાં આવે છે.

ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-



નોંધ : કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર ઝીલ્હજ્જ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેને એક યાદગાર તોહફાથી નવાઝવામાં આવશે. ✯

સોહબત

મૌ. લુકમાન હકીમ આપના ફરઝંદને ફરમાવે છે કે, અય મારા અઝીઝ! તું ગૌરો ફિકરની નિગાહથી જો અને ખૂબ સોચીને કોઈની સોહબત, બેઠક અને હમનશીની ઈખ્તિયાર કર. જો તુંને એવા લોગો મિલી જાય જેઓ હર વક્ત ખુદા, તેના અહેસાનાત અને તેની નેઅમતોંને યાદ કરતા હોય તો ઝરૂર તું તેઓની સોહબત પસંદ કર. જો તું તારા ઈલ્મમાં તેઓ કરતા ઝિયાદહ હોઈશ તો તે સોહબત તારા ઈલ્મમાં ઈઝાફો કરશે અને તેઓને ફાયદો કરશે. જો તેઓ તારા કરતા ઝિયાદહ આલિમ હશે તો તુંને તેઓથી ઈલ્મી ફાયદો ઝરૂર પહોંચશે અને તેઓની સોહબત તુંને કઈ જ નુકસાન નહીં કરે. તેઓના આઅમાલના સબબ જો ખુદાની રહેમત તેઓના ઉપર નાઝિલ થાશે, તો બિલાશક તું પણ તેઓના ઝુમ્રામાં શામિલ થઈ જઈશ.

જે લોગો ખુદાને યાદ નથી કરતા, તેએ બખ્શેલી નેઅમતોંને ભુલીને અહેસાનફરામોશી કરે છે, ઈલ્મના બદલે ફાની દુનિયાની દૌલત પાછલ લાલચ કરે છે તો તેઓની સોહબત તું ઝરા પણ ન કર. કેમકે, જો તું તેઓ કરતા ઈલ્મમાં ઝિયાદહ હોઈશ તો તારૂં ઈલ્મ ઝાયેઅ થાશે અને તેઓ તારાથી કોઈ ફાયદો લઈ નહીં શકે. હવે જો તું તેઓ કરતા ઝિયાદહ જાહિલ હોઈશ તો એવી ખરાબ સોહબતના લીધે તારી જેહાલત દિન-બ-દિન વધતી જાશે અને આમ જ તું હલાક થઈ જઈશ. ખુદાની નાશુકીથી જે અઝાબ તેઓના ઉપર નાઝિલ થાનારો હશે, તો શાયદ તું પણ તેમાં મુબ્તેલા થઈ જઈશ.

તો અય મારા ફરઝંદ! તું સમઝી લેજે કે ઈન્સાનની પહેચાન તેની સોહબતથી થાય છે. જેમ ઈન્સાન વાસ્તે ખાનદાની શરફ, તાઅલીમો તરબીયત અને તેની તબીઅત તેની પહેચાન કાઈમ કરવામાં અહેમીયત રાખે છે, તેમ સોહબતનો અસર પણ તેના અખ્લાક, વિચારોં અને આદતોં પર શદીદ હોય છે. ✯

અય મુમેનીન, તમેં જે ચીઝ ના જાણતા હોવ તો હરગિઝ બોલો નહીં.

દુનિયા અને આખેરત

ઈરશાદે રબ્બાની છે કે, **"વલ-આખેરતો ખૈરૂંવ વ અબ્કા"**, યાઅની કે, દુનિયા પછીની ઝિંદગી જે આખેરત છે તે દુનિયા કરતા ખૈર છે અને હમેશા બાકી રહેનારી છે. સાબિત થયું કે, જે પણ કંઈ યહાઁ દુનિયામાં છે તે તમામ ફના થાનાર છે, તમામને મૌત છે અને જે શખ્સ અમલ કરવામાં જલ્દી કરશે તેને આખેરતનું હમેશા બાકી રહેવાનું ફલ આસાનીથી મિલી જાશે. શાહે વલાયત મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, "અય ખુદાના બંદાઓ! તમને જાણવું જોઈએ કે મુત્તકી અને પરહેઝગાર લોગોએ આ જાવાવાલી દુનિયા અને આવવાવાલી આખેરત એમ બેવેથી ફાયદો ઉઠાવો છે. જો દુનિયાને તેઓ છોડી દેતા તો ઝિંદગીનો મકસદ અધૂરો રહી જાતો અને કોઈ વક્ત આખેરત તરફ પહોંચી ન શક્તા. જો આખેરતને તેઓ ભુલી જાતા તો દુનિયામાં હયવાન-જાનવર કરતા પણ બદતર તેઓની ઝિંદગી થઈ જાતી."

મુત્તકી લોગો દુનિયાવાલાઓના સાથે રહીને તેઓના હર કામમાં શરીક રહ્યા, વહેવાર-રિશ્તેદારી-સમાજી ઊસૂલને સંભાલા, લોગોની ઝિંદગી ખુશહાલ કરવા તેઓએ ખૂબ મદદ કીધી, **મગર દુનિયાદાર તે પરહેઝગારોંની મિસિલ આખેરતમાં હિસ્સો ન લઈ શકા.** મુત્તકી લોગોએ દુનિયાના તમામ અસ્બાબનો ઈસ્તેમાલ કરીને આખેરતના હિસ્સેદાર બની ગયા પણ દુનિયાદાર લોગોએ ફક્ત દુનિયાને જ અપનાવી અને આખેરતથી મહેરૂમ રહી ગયા. દિલમાં ખુદાનો ખૌફ રાખીને, નૈકીની ફિકર કરીને મુત્તકી લોગો દુનિયામાં એક દુનિયાદાર દૌલતમંદ જેમ રહ્યા, બહેતરીન તરીકાથી ઝિંદગી ગુઝારી, આઅલા લિબાસ પહેરો, લઝીઝ જમન જમા, આ તરહ તે તમામ ચીઝોંથી ફાયદો ઉઠાવો જે એક ઐશપસંદ અને આરામપસંદ શખ્સને દુનિયામાં હાસિલ હતું. તે તમામ વસાઈલ અને રાહતના સામાનથી પણ ફાયદો ઉઠાવો જે એક બેનમાઝી, નાફરમાન, બેશરમ, ગુનાહગાર શખ્સને પાસે તેના ઘરમાં હતું. તે બાદ મુત્તકી શખ્સ તેની મંઝિલે મકસૂદ-આખેરત પર પહોંચાવવા વાલા તૌશા અને ઝાદ જે તકવા અને અમલે સાલેહનો સરો સામાન હતો, તેને સાથે લઈને તેની ફાયદામંદ તિજારત કરીને આખેરત વાસ્તે દુનિયાથી રવાના થઈ ગયા. **તેમને દુનિયામાં જ રહીને દુનિયાની મકરબાઝીમાં નહી ફસાવવાની અને તેની લઝ્ઝતોં તરફ નઝર નહીં કરવાની મહેનત ઉઠાવી અને એમ યકીન રાખું કે,** તે કાલે ખુદાતઆલાની રહેમતમાં અને નેઅમતોંના પડોશપણમાં હશે જ્યાં ન તેની કોઈ હાજિતને અધૂરી છોડવામાં આવશે, ન તેની આવાઝને ઠુકરાવવામાં આવશે, ન તેના નસીબામાં કોઈ કમી લાવવામાં આવશે. મુત્તકી લોગોની આ ખુશહાલ ઝિંદગીએ આખેરત અને હયાતે ખુલદીયહ એવી હશે જ્યાં તેઓ કોઈપણ ચીઝ કરવા પર કુદરત રાખતા હશે, તમામ ચીઝોંના મુખ્તાર હશે અને જ્યાં તેઓ જાવાનું ચાહશે યા કરવાનું ચાહશે તે પલભરમાં કરી શકશે. અફસોસ! તે દુનિયાદારોં વાસ્તે જેઓ દુનિયામાં તો આઝાદીથી રહ્યા મગર આખેરત તેઓ વાસ્તે અઝાબનું ઘર બની ગઈ અને ઘૂંટન વાલું કૈદખાનું બની ગઈ. ☆

અસ્તગફેરૂલ્લાહ

એક મુમિન શખ્સે મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના સામે **"અસ્તગફેરૂલ્લાહ"** ના કલામ ઝોરથી પુકારા તો આપે તેને કહ્યું કે, તારી માઁ તારા ઉપર આહોઝારી કરે, શું તારી અક્લ પર પડદા પડી ગયા છે કે, કઈ તને માઅલૂમ પણ છે કે, **"અસ્તગફેરૂલ્લાહ"** શું છે? ઈસ્તિગફાર યાઅની અલ્લાહતઆલાથી મગફેરત ચાહવી, તે બલંદ દરજાના લોગોની ખસલત છે અને બલંદ મકામ પાનાર લોગોની તસ્બીહ છે. આ એક એવો લફ્ઝ છે કે જે ૬ વાતોં પર ભારી છે અને જો આ ૬ ચીઝો હોય તો જ કોઈ બંદાનું **"અસ્તગફેરૂલ્લાહ"** બોલવું કામ લાગી શકે છે. અય મુમિન ભાઈ! તું નીચે આપેલી ચીઝોને યાદ કરી લે. સબબ કે, તારૂં **"અસ્તગફેરૂલ્લાહ"** ની તસ્બીહ કરવું ઝાયેઅ ન થઈ જાય.

૧) જે ગુનાહ અને જુર્મ વાસ્તે તું મઆફી કે મગફેરત માંગી રહ્યો છે, તો તું પહેલા તેના વાસ્તે શરમિંદા થા.

૨) શરમિંદગી બાદ તું એમ નિય્યત કર કે હવેથી હમેશાને વાસ્તે કોઈપણ હાલતમાં તું તે મુજબ ગુનાહ નહીં કરે.

(બકીયાહ પેજ નં. ૧૩ પર)

અય મુમેનીન, તમેં જે ચીઝ હજુ જાણી નથી તેને રદ કરો નહીં.

દોઆ

સૈયેદુર્રાકેઈના વસ સાજેદીન, તીસરા ઈમામે ફાતેમી મૌ. અલી ઝૈનુલઆબેદીન (અ.સ.) ની દોઆઓ આલમમાં મશ્હૂર છે. હર ફાઝિલ રાત યા દિન વાસ્તે આપ મૌલાએ દોઆ ફરમાવેલી છે અને ઈન્સાની ઝિંદગીનો કોઈ પહેલૂ બાકી નથી જેના વાસ્તે આપે લબકુશાઈ ન કીધી હોય. જે મુમિન આપની દોઆના કલેમાત પોતાની ઝબાન પર લાવે તેને બીજા કોઈ કલામ ઝબાન પર લાવવાની ઝરૂરત પૈશ થાતી નથી. આપની દોઆઓનો મજમૂઓ અસ-સહીફતુસ સજ્જાદીયહના નામથી માઅરૂફ છે.

કબરે આખેરતની પહેલી મંઝિલ છે અને ગુઝરનારની શનાખ્ત લોગો તેની કબરથી કરે છે. ભલેને ઈન્સાન દુનિયામાં પોતાના સેંકડો સગા-વ્હાલાઓ સાથે રહેતો હોય, અહલો ઔલાદ સાથે ઝિંદગી ગુઝારતો હોય પણ આ સથવારો અને સહારો મૌત તક જ હોય છે. એક વાર કોઈ મૌતના દરવાઝામાંથી કબરના શહેરમાં દાખિલ થયો તો આ બધા જ રિશ્તા-નાતા ખત્મ થઈ જાય છે. મરનારને તેની કબરનો કોનો સોંપી દેવામાં આવે છે. તેના આઅમાલ સિવાય હવે તેને કોઈની સોહબત મિલી શકે એમ નથી અને કબરની દહેશત, વહેશત, અંધારૂં અને તન્હાઈ સાથે તેને દોસ્તી કરવી પડે છે.

દુનિયાની તંગાશ, બેવફાઈ અને ફના સાથે કબરની વહેશતનાક જગા અને ઝમીનના પેટમાં મરનારનું કૈદ થાવું, આ તમામ હાલાતની અક્કાસી અને બયાની હમારા ઈમામ આલી મકામ પોતાની દોઆમાં કરે છે. મુમેનીનને આ દોઆ કબર આગલ ઊભા રહીને પઢવી જોઈએ અને ગુઝરનાર શખ્સ વાસ્તે રહેમત-મગફેરતની દોઆ કરવી જોઈએ. આપ મૌલા ફરમાવે છે કે, **"ફમા લી લા અબ્કી ?"** શું કામ હું આહો ઝારી ન કરૂં ? શું કામ હું મારા હાલાત પર ગમગીન ન થાવું ? **"અબ્કી લેખોરૂજે નફ્સી"**, મારો જાન મારા જિસ્મથી નિકલી જાશે તેથી હું રોઉં છું. નફ્સ નિકલી જાવા બાદ હું કોઈ અમલ નહીં કરી શકું. **"અબ્કી લેઝુલ્મતે કબરી"**, હું રોઉં છું મારી કબરની તારીકીના સબબ, કેમકે કબરના પોશીદા હાલાતથી હું બિલકુલ બેખબર છું. **"અબ્કી લેઝીકે લહદી"**, હું રોઉં છું

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

ઈન્તેકાલ પુર-મલાલ

નામ : રંગવાલા ઝૈનબબુ ફિદાઅલી
(ફિદાહુસૈન રંગવાલાના બૈરો)
સરનામું : પ્રતાપનગર, વડોદરા.
ફોન : ૯૩૨૮૯૫૩૫૩૦
તારીખ : ૧૮-૦૯-૧૪૩૫

નામ : મરિયમબુ ફિદાઅલી કાંચવાલા
(મીયાંભાઈ કાંચવાલાના બૈરો)
સરનામું : પાણીગેટ, વડોદરા.
ફોન : ૭૬૦૦૧૦૦૭૮૫
તારીખ : ૦૭-૧૦-૧૪૩૫

નામ : મુલ્લાની અમતુઝ્ઝહરાબુ મુલ્લા ગુલામહુસેન ઝરીવાલા (મુલ્લા અમીરૂદ્દીનભાઈ ના બહેન)
સરનામું : બદરી મોહલ્લા, વડોદરા.
ફોન : ૯૨૨૮૫૫૧૮૨૭
તારીખ : ૧૩-૧૦-૧૪૩૫



આ બહેને જમાઅતના નૌનિહાલોની તાઅલીમ વાસ્તે મદ્રસહ તૈયેબીયહમાં ૨૦ સાલ તક બેલૌસ ખિદમત અંજામ આપી છે.

નામ : ઔનઅલી ફખરૂદ્દીન કાગદી
સરનામું : ગુલિસ્તાન એપાર્ટમેન્ટ, આજવા રોડ, વડોદરા.
તારીખ : ૨૦-૧૦-૧૪૩૫

નામ : મકબૂલહુસૈન રહેમતુલ્લાહ પેટીવાલા
સરનામું : ફખરી મોહલ્લા, વડોદરા.
તારીખ : ૨૨-૧૦-૧૪૩૫

(મુમેનીનને મરહૂમીનના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

તલાકશુદા ખાનદાની દીકરા વાસ્તે
દીકરીની તલબ છે

વડોદરામાં રહેતા ૩૨ સાલની ઉંમરના, પોતાનો બંગલો અને દુકાન ધરાવતા ફરઝંદ વાસ્તે ઘરેલું, દીનદાર, હમઉંમર દીકરી, તલાક શુદા યા ઔલાદ બગૈરના બેવા હોય તેઓ પણ રિશ્તેદારી વાસ્તે દરખ્વાસ્ત કરી શકે છે.

મોબાઈલ નં.: ૯૮૨૫૭૧૯૭૮૬. ☆

ઈમામ તે છે કે, જેના તરફ તમામ મોહતાજ હોય, ઈમામ કોઈનાથી મોહતાજ હોતા નથી.

મુશ્રિક

"મુશ્રિક" લફ્ઝ "શિર્ક" થી નિકલો છે અને "શિર્ક" લફ્ઝ "ઈશ્તેરાક" થી નિકલેલો છે. "ઈશ્તેરાક" યાઅની ભાગીદારી અને શિર્ક યાઅની અલ્લાહતઆલા અને તેની દાઅવતના દરજામાં કોઈ ગૈરને ભાગીદાર બનાવવો. જે શખ્સ આ અમલ કરે તેને મુશ્રિક કહેવાય છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, શિર્ક મારી ઉમ્મતમાં કાલી રાતમાં કાલી ચાદર પર કાલી કીડી ચાલવા કરતા પણ ઝિયાદહ છુપેલું છે, મખ્ફી છે. શિર્કના ગુનાહને અલ્લાહ મુઆફ નથી કરતો. શિર્કને લોગો ખુલ્લમ ખુલ્લા ઝાહિરમાં પણ કરે છે અને નઝરોંથી છુપાવીને મખ્ફીમાં પણ કરે છે. ખુલી રીતે શિર્ક કરનાર શખ્સ દેખાઈ જાય છે કે, તે કોઈ સનમ-બુતને નઝદીક જઈને તેની મુરાદો પૈશ કરે છે અને તે બુતથી સહારાની ઉમ્મીદ સાથે તેને ખુદા માનવા લાગી જાય છે. **મગર મખ્ફીમાં જે શખ્સ શિર્ક કરે તેને પકડવો ખૂબ મુશ્કિલ હોય છે.** તેનું આ શિર્ક તેના મખ્સૂસ અમલ અને ખયાલ પરથી પકડી શકાય છે, જેમકે ઈબ્લીસ. ઈબ્લીસે ઝાહિરી શિર્ક નથી કીધું કે તેએ કોઈને અલ્લાહ સાથે ભાગીદાર બનાવો હોય, પણ મૌ. આદમ (અ.સ.) ને સજદએ ઈતાઅત ના કરીને તે મુશ્રિક થયો કે તેએ ફરમાને ખુદાવંદી મુતાબિક અમલ ન કીધો.

અલ્લાહતઆલા કુરઆને હકીમમાં ફરમાવે છે કે, ઘણા મુમેનીન બેખબરીમાં શિર્કનો શિકાર બની જાય છે. શિર્ક શું છે? તે કઈ તરહ થાય છે? તેને કેમ ઓલખવું જોઈએ? આ તમામ બારીકી અકસર લોગો જાણતા નથી તેથી શિર્કમાં ફસાઈ જાય છે.

૧) **પહેલું શિર્ક એ છે કે જે ઈબ્લીસથી થયું.** તેએ મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) વાસ્તે તાઅત અને સજદાનો ઈન્કાર કીધો. આ મુજબ તેએ અલ્લાહના ફરમાનને ઠુકરાવીને, તેની મુખાલેફત કરીને તકબ્બુરી સાથે મુશ્રિક થયો. સાબિત થયું કે જે શખ્સ હક્કના સાહેબની યાઅની અલ્લાહના દાઈ કે વલીની મુખાલેફત કરે તે મુશ્રિક છે, ઈબ્લીસ છે.

૨) **બીજું શિર્ક તે છે કે જે શખ્સ હુકમે ખુદા મુકીને પોતાની મનમાની કરે, ઝિદ કરે તે મુશ્રિક છે.** ખુદની મનઘડત વાતોંને ખુદા તરફથી ફરમાન માનીને તેને જ દીન સમઝી બેસનાર, જેની શરીઅતમાં કોઈ જગા ન હોય એવો ઝહેની તૌર પર બીમાર શખ્સ મુશ્રિક છે.

૩) **ત્રીજું શિર્ક એ છે કે શરીઅતના આઅમાલ કે અરકાનમાં ફેરબદલ કરવું.** જેમકે જે દિન હજ્જ મુકર્રર હોય તે દિનને છોડીને બીજા દિન હજ્જ પઢવી, ઈસ્લામના કિબ્લા કાઅબતુલ્લાહને મુકીને કોઈ બીજી તરફ રૂખ કરીને નમાઝ પઢવી, બયતુલ્લાહ છોડીને કોઈ બીજી ઈમારતને અલ્લાહનું ઘર માનવું, જે દિન રોઝું કરવું જોઈએ તેને ન માનીને કોઈ અલગ જ દિન રોઝું રાખવું અને જે દિન ઈફ્તારનો હોય યાઅની ઈદુલ ફિતર હોય તેને મુકીને કોઈ બીજે દિન ઈદ મનાવવી, અલ્લાહતઆલા તરફથી કાઈમ થાનાર તેના વલીને મુકીને કોઈ બીજા ગૈર-મન્સૂસને વલીયુલ્લાહ માનવું, નબી-વસી-ઈમામ-દાઈ યા તેમની જગા પર જે મરતબાના સાહેબ હોય તેના હક્કને ઝુટલાવીને કોઈ બીજા ગૈર-મુસ્તહિક્ક શખ્સને પાછલ થઈ જાવું, બગૈર રઝાના ગૈર લાઈક શખ્સ પાછલ નમાઝ પઢવી યા ઝકાત આપવી.

આ મિસિલના કોઈપણ અમલ કરનાર શખ્સ ખુલ્લો મુશ્રિક છે, કેમકે, જે ચીઝને અલ્લાહતઆલાએ ઈખ્તેયાર કરવાનો હુકમ આપો હતો તેને ખિલાફ જઈને તેએ કોઈ બીજી જ ચીઝ ઈખ્તેયાર કીધી. **આમ કરીને તેએ બતાવું કે, મેં પણ અલ્લાહનો શરીક છું, ભાગીદાર છું.** અલ્લાહ જે મુજબ હુકમ કરી શકે છે, કહી શકે છે તેમ જ હું પણ કરી શકું છું. અલ્લાહે પોતાની રીતે શરીઅત બનાવી તેમ હું પણ મારી રીતે મારી ઝિંદગી ગુઝારી શકું છું.

આ તરહ પોતાના મનથી માલિક બની બેસનારાઓ, અલ્લાહના હુકમ બગૈર, અલ્લાહના દીનમાં કોઈપણ કિસ્મનો દાઅવો કરનારાઓ જાણે અલ્લાહના ભાગીદારો બની જાય છે. આ કહેવાતા ભાગીદારોનું કહ્યું માનનારાઓ અને તેના કદમ-બ-કદમ ચાલનારાઓ મુશ્રેકીન થઈ જાય છે અને તેઓનું આ મિસિલ કરવું શિર્ક છે. શિર્ક ખૂબ મોટો ઝુલ્મ છે. યાઅની કોઈ હોય તેને ના માનવું અને ના હોય તેને માનવું, આ ઝુલ્મ છે. ફઝીલતવાલા શખ્સના ફઝલને ઢાંકવું યા હક્કના ધણીના હક્કને છુપાવવું તે કુફ્ર છે. શિર્ક, કુફ્ર અને નિફાકથી દૂર રહેવા વાસ્તે અલ્લાહતઆલાએ હોદાતે કેરામ-દોઆતે હક્કને કાઈમ કીધાછે, જેમાં સઘલાથી અવ્વલ મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) છે. ☆

અલ્લાહની શાન એ છે કે, તે એક વાર કોઈને પૈદા કરે તો તેને દોબારહ પણ પૈદા કરી જ શકે છે.

મદ્દેહ

શહીદે આઅઝમ

સૈ. અલી શમ્સુદ્દીન સાહેબ (આ.કુ.)

ઉર્સ મુબારક : ૨૩ ઝુલ કાઅદહ

યા અલી શમ્સુદ્દીં હો નિગાહે કરમ,
મૈં કોઈ શાનો શૌકત નહીં માંગતા.

માલો ઝર કી તમન્ના નહીં હે મુઝે,
મૈં ઝમાને કી દૌલત નહીં માંગતા.

અર્ઝ અય ઈબ્રાહીમ કે દુલારે સુનો,
શૈખ આદમ કી આઁખોં કે તારે સુનો,
આપકે દર કે ટુકડોં કા તાલિબ હું મૈં,
પર સિકંદર કી કિસ્મત નહીં માંગતા.

યા અલી શમ્સુદ્દીં હો નિગાહે કરમ,
મૈં કોઈ શાનો શૌકત નહીં માંગતા.

આપ હી સે હે નિસ્બત ખુદા કી કસમ,
આપ સે હે અકીદત ખુદા કી કસમ,
આપ હી મેરે હામી હો આકા અલી,
દૂસરોં કી હિમાયત નહીં માંગતા.

યા અલી શમ્સુદ્દીં હો નિગાહે કરમ,
મૈં કોઈ શાનો શૌકત નહીં માંગતા.

આપકે દર કા મૌલા ગદાઈ હું મૈં,
ક્યૂઁ કિસી ગૈર કે દર પે જાઉં ભલા,
ખાલી દામન હે કુછ આપ દે દીજીયે,
મૈં કિસી કી ઈનાયત નહીં માંગતા.

યા અલી શમ્સુદ્દીં હો નિગાહે કરમ,
મૈં કોઈ શાનો શૌકત નહીં માંગતા.

દિલ મેં થોડા સા બસ ઔજે અલવી રહે,
હાથ મેં મેરે પરચમ ઝિયાઈ રહે,
ઝિંદગી મેરી કામ આયે ઈમાન પર,
ફાની દુનિયા કી રાહત નહીં માંગતા.

યા અલી શમ્સુદ્દીં હો નિગાહે કરમ,
મૈં કોઈ શાનો શૌકત નહીં માંગતા.

દિલ મેં અફઝલ અલી કી હી ચાહત રહે,
શાફેએ રોઝે મહેશર કી ઉલફત રહે,
અય અઝીઝ ઈતના હી માંગતા હું સદા,
મૈં કોઈ બાદશાહત નહીં માંગતા.

યા અલી શમ્સુદ્દીં હો નિગાહે કરમ,
મૈં કોઈ શાનો શૌકત નહીં માંગતા. ✯

તિજારત

યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " શું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

ભાઈસાહેબ ઈબ્રાહીમ

સરનામું : વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.

સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩

Learn & Earn
Tally
Authorised Training Center & Sales Partner
MS Office
Internet
Tally ERP 9
DTP
Live Web Designing + Hosting
PGDCA Certificate Course (I Year)
C,C++
School Syllabus,
Spoken English
GOVT. CERTIFICATION
LOKHANDWALA'S COMPUTER EDUCATION
Gendigate Main Rd., Vadodara, Ph.: 2410862
(M) 98980 86320

Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569

M.M. GLASS

All Kind of Glass Merchants
Specialist in :
Alluminum Doors-Windows
Partition Works.

G-1, Shalimar Flats,
Nr. Telephone Exchange,
Water Tank, Ajwa Road,
Vadodara.

મખ્ફી વાતને મખ્ફી રાખવી તે અમાનતદાર શખ્સનું જૌહર છે.

અઈમ્મતે આલે મોહંમદ (સ.અ.) હિદાયતના શમઅ છે જે આ સતરના કાલા ઝમાનમાં રોશની બખ્શે છે.

તૌબા ને ફક્ત તૌબા

મઆઝ બિન જબલથી રિવાયત છે કે, એક દિન એક તાકતવર તાઝા બદન ખૂબસૂરત જવાન ઝાર-ઝાર રોતો રોતો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને નઝદીક આવો અને આપથી મુલાકાતની રઝા તલબ કીધી. એક જાનિબ બેસીને નીચું મૂઁહ કરીને રોયે જાતો હતો. નબી સાહેબે તેના રોવાનો સબબ પૂછો, તો જવાબ આપો કે, યા રસૂલલ્લાહ! મારાથી એવો બદતરીન ગુનાહ થયો છે કે, જેના વાસ્તે ખુદાતઆલા મને મઆફ નહીં કરે. આપે પૂછું કે, તુંએ કયો ગુનાહ કીધો છે? શું તુંને ખુદામાં શિર્ક કીધો છે યા કોઈનું નાહક્ક કત્લ કીધું છે યા તારા વાલેદૈન સાથે બદ-તમીઝી કીધી છે! જવાને કહ્યું કે, આમાંથી મારાથી કોઈ ગુનાહ થયો નથી. આપે ફરમાવું કે, બસ! તું ફિકર ન કરે, ખુદા ગફુર છે રહીમ છે, તે તારા નાના-નાના ગુનાહોંને તારી ઈબાદતના સબબ મુઆફ કરી દેશે.

જવાન પુકારી ઉઠો કે, મારો ગુનાહ ખૂબ મોટો છે. આસ્માન, ઝમીન, પહાડ, દરિયા બલકે અર્શ-કુરસી કરતા પણ મોટો છે, અલ-બત્તા મારો ગુનાહ આ તમામ મોટી ચીઝોં કરતા ખૂબ મોટો છે. નબી સાહેબે ફરમાવું કે, **"વમંય યગફેરૂઝ્ઝોનૂબા ઈલ્લલ્લાહ"**, યાઅની ખુદાતઆલા સિવાય કોઈ મુઆફ કરનાર નથી. આપે પૂછું કે, અય જવાન! હવે તો તું બતાવ કે તારો ગુનાહ શું છે કે, જેને બયાન કરવામાં તારી ઝબાન આટલી ભારી થઈ ગઈ છે. જવાને કહ્યું કે, સાત સાલથી મેં કબરોંને ખોદીને તેમાંથી કફનની ચોરી કરૂં છું. એક દિન મેં જવાન બૈરોની લાશને કબર માંથી નિકાલી અને તેનું કફન લઈને મારી આદત મુજબ જાવા લાગો તો શયતાને પોતાની ગિરફ્તમાં મને લઈ લીધો અને તે બૈરો સાથે ઝિના કરવા પર મને આમાદહ કીધો. જે વક્ત બદકારી કરીને મેં તે મુડદા બૈરોને બેહાલ છોડીને જાવા લાગો તો મેં આવાઝ સાંભલો કે, "અય જવાન! તું મને આ હાલતમાં છોડીને જઈ રહ્યો છે. કેયામતના રૌઝ તું તારા રબને શું મૂઁહ બતાવીશ! આ તારા બદ અમલને વાસ્તે તું શું જવાબ આપીશ!" અફસોસ અય રસૂલલ્લાહ, હું મારી ઝાત પર ખૂબ શરમિંદા થયો. આપ આ મારા ગુનાહ વાસ્તે શું ફરમાવો છો?

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, અય ફાસિક બદકાર, તું મારાથી દૂર થઈ જા. મને ખૌફ થાય છે કે તારા સબબ હું પણ આગમાં હમણા ખાક થઈ જઈશ. તું જહન્નમથી ઘણો જ કરીબ છે. આ મુજબ આપે વારંવાર ફરમાવું. તે ગુનાહગાર જવાન જેનું નામ બોહલૂલ હતું ત્યાંથી ચાલો ગયો. પોતાના શહેરથી દૂરો દરાઝ ઈલાકામાં ખુલ્લા પગે નિકલી ગયો અને જંગલમાં પહાડીઓને દરમિયાન પોતાના બેવે હાથોંને ગલા સાથે બાંધીને ઝાર-ઝાર આહો બુકા કરવા લાગો અને કહેવા લાગો કે, "અય પરવરદિગાર! આ તારો બંદો બોહલૂલ તારા નઝદીક ગુનાહગાર બનીને પોતાને કૈદ કરીને ઊભેલો છે. અય રબ! તું મને અને મારા ગુનાહને જાણે છે. **અય રબ! મેં નાદિમ છું, મારા ગુનાહ પર શરમિંદા છું. હું તે વાસ્તે મુઆફી માંગું છું, તું મારી તૌબાને કુબૂલ કર.** તારા નબી પાસે હું જઈને આવો છું કે શાયદ તારા ફરમાનથી નબી મારી તૌબા અને ઈસ્તિગફારને કુબૂલ કરે. મગર નબીએ મને કાઢી મુકો. અય રબ! તારા ઈસ્મે આઅઝમ અને તારી જલાલતનો વાસ્તો દઈને કહું છું કે, તું મને નાઉમ્મીદ ના કરીશ. મારી દોઆને કુબૂલ કરીને તારી રહેમતથી મને મુઆફ કરી દેજે." બોહલૂલ ૪૦ દિન તક આ જ કૈફીયતથી આહો બુકા કરીને દોઆ કરતો રહ્યો, યહાઁ તક કે જંગલના જાનવરોં, કીડા-મકોડા, પરિંદા તેને ઘેરીને તેની દોઆમાં શરીક થઈને રોવા લાગા.

૪૦ દિન બાદ બોહલૂલે દોઆ કીધી કે, અય રબ! તુંને મારા વાસ્તે શું ફેસલો કીધો છે? જો તુંએ મને મુઆફ કીધો હોય તો તારા નબીને તે વાસ્તે વહ્ય કર. જો મને મુઆફ ન કીધો હોય તો તું મને આ દુનિયામાં જ સખ્તમાં સખ્ત અઝાબમાં ગિરફ્તાર કર અને મને આખેરતની ફઝેહતીથી બચાવ. તે વક્ત નબી સાહેબ પર સૂરએ આલે ઈમરાનની આ આયતે શરીફહ ઉતરી કે જેમાં બયાન છે કે, "જે લોગોએ ઝિના કીધો અને કફન ચોરી કરીને પોતાના જાનોં પર ઝુલ્મ કીધો, પછી ખુદાતઆલાને યાદ કરીને પોતાના ગુનાહોં વાસ્તે ઈસ્તિગફાર કીધો અને ઝિદ પર અડી ન રહ્યા, તો (બકીયાહ પેજ નં. ૧૫૫૨)

કુરઆન, લોગોના સીનાઓમાં જે દર્દ છે તે દર્દ વાસ્તે શિફા છે.

ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૧૪

માઁની ખિદમતમાં લાપરવાહી ખુદાના ગુસ્સાનો સબબ બને છે.

એક ઈસ્માઈલી આબિદ કે જેનું નામ જુનદુબ હતું તે પોતાની ઝોંપડીમાં ખુબ ઈબાદત કરતો હતો અને એની માઁ એ જ જગા પર એની ઝોંપડીથી થોડે દૂર રહેતી હતી. માઁની આદત હતી કે મહીનામાં એક વાર જુનદુબની મુલાકાત વાસ્તે આવે અને દરાઝ ગુફ્તગૂ કરે. એક દિન માઁ એની આદત મુજબ આવી અને જુનદુબને આવાઝ આપો, તો તે વક્ત એ નમાઝમાં હતો, લેહાઝા એ માઁને જવાબ ન આપી શકો અને માઁ દરવાઝા પરથી પાછી ચાલી ગઈ. નમાઝ બાદ એ માઁની મુલાકાત વાસ્તે ગયો પણ તે થઈ ન શકું. થોડા અય્યામ બાદ માઁ દોબારહ જુનદુબની ઝોંપડી પર મુલાકાત વાસ્તે આવી અને આવાઝ આપો, તે વક્ત જુનદુબ સજદામાં હતો. એ ઈબાદતમાં એટલો તો મશ્ગૂલ હતો કે, એને માઁની નિદાની પરવાહ ન કીધી અને કોઈ જવાબ ન આપો. માઁ ગમનાક અને ગઝબનાક થઈને દરવાઝા પરથી ફિરી ગઈ. અય્યામ ગુઝરતા ગયા પણ જુનદુબ આબિદ અને એની માઁની મુલાકાત ન થઈ શકી કે જેથી એ મુઆફી માંગી શકે. આ જ હાલતમાં માઁ જુનદુબથી મહીનાઓ તક નારાઝ રહી.

જુનદુબની ઝોંપડીને આસપાસ એક મરદ અને એક ઔરત પોત-પોતાના બકરા-બકરીઓને ચરાવવા આવતા હતા. તે ઔરત જુનદુબને પહેચાનતી હતી પણ જુનદુબનો કોઈ તરહનો તવક્કોહ તે ઔરત તરફ ન હતો. એક દિન ચરવાહા મરદે તે ઔરત સાથે બદકારી કીધી અને તેના સબબ તે પેટથી થઈ ગઈ. જેમ જેમ મહીનાઓ ગુઝરા તેમ તેમ તેનો હમલ ઝાહિર થાવા લાગો. ત્યાં રહેતી બૈરોએ તે ઔરતને પકડી અને પૂછું કે, તારા પેટમાં આ હમલ કોનો છે? **સઝા થાવાના ડરમાં ને ડરમાં તેના મૂંહથી જુનદુબ આબિદનું નામ નિકલી ગયું.** લોગોએ આબિદને પકડો અને એને સરદાર પાસે લઈ ગયા. કોઈ ચીઝની તફતીશ કીધા બગૈર સરદારે એના ખાદિમોં સાથે જુનદુબને ખૂબ માર મરાવો અને કૈદમાં નાખી દીધો. આ વાતની ખબર માઁને પહોંચી તો ફૌરન સરદાર પાસે જઈને પોતાના દીકરાની બેગુનાહીની અરઝ કીધી. માઁએ કહ્યું કે, "અય સરદાર! મને મારા દીકરાની ઈબાદત પર પૂરો ભરોસો છે, એ આવું બદ કામ કોઈ હાલતમાં કરી જ ન શકે! તે ઔરતને તારી નિગેહબાનીમાં એક ઘરમાં રાખ અને જ્યાં તક ગુનાહ સાબિત ન થાય ત્યાં તક તું મારા દીકરા પર કોઈ તરહનો ઝુલ્મ ન કર. જે વક્ત તે ઔરત બચ્ચું જને તો તું તે બચ્ચાનો ચહેરો અને શિક્લો શમાઈલ જો અને જે વક્ત એ બચ્ચું થોડું હોશિયાર થાય અને તેને ચહેરાને પહેચાન કરવાની કૂવત આવે તો તે વક્ત તું તે ચરવાહાને અને મારા દીકરાને તે બચ્ચાને નઝદીક પૈશ કર. **પછી તું નઝર કર કે બચ્ચું કોના તરફ જાય છે.**"

માઁની આ રાય સરદારને પસંદ આવી અને જે મુજબ કહેવામાં આવું હતું તેમ સરદારે કીધું. થોડા અરસા બાદ બચ્ચું પૈદા થયું અને જે વક્ત તે સમઝદાર થયું તો તેને ચરવાહા અને જુનદુબ આબિદને નઝદીક પૈશ કરવામાં આવું. બચ્ચાએ બેવેના ચહેરા જોયા કે તરત જ તે ચરવાહાને નઝદીક જઈને બેસી ગયું. સરદારે જે વક્ત આ મંઝર જોયો અને તેને થયું કે બચ્ચાની શિકલ બિલકુલ ચરવાહા સાથે મિલે છે તો ખાદિમોંને બોલાવીને તે ઔરત અને ચરવાહાને કૈદમાં નાંખી દીધા અને તેને કત્લ કરવાનો હુકમ કીધો. બચ્ચાની પરવરિશની ઝિમ્મેદારી ખુદ સરદારે ઉઠાવી લીધી.

જે વક્ત જુનદુબ આબિદને પૂછવામાં આવું કે, તુંને તારી બેગુનાહીની ખબર હતી તો તું ખામોશ શું કામ રહ્યો અને તારા પર આ મુજબ ઝુલ્મ શું કામ થાવા દીધો? તુંને કૈદ કરવામાં આવો, માર ખાવો પડો અને દિવસોં તક તું ગિરફ્તારે બલા રહ્યો, તેના બાવુજૂદ તુંએ ઉફ તક ન કહ્યું, તેનો શું સબબ? જુનદુબ આબિદ ખૂબ રોવા લાગો અને કહ્યું કે, અય લોગો! મારી માઁ બે વાર મારા દર પર આવી, મને આવાઝ આપો પણ મેં એનો કોઈ જવાબ ન આપો. મારી બેપરવાહીના લીધે મારી માઁ મારાથી નારાઝ થઈને ચાલી ગઈ અને અય્યામોં તક મારા સબબ ગમઝદા રહી. ખુદાએ મને તે ગુનાહની સઝા આ તરહ આપી. હું કાબિલે અઝાબ હતો અને જો આ બલામાં હું ન પડેત તો ખુદા મારી તૌબાને કઈ તરહ કુબૂલ કરેત. જે અઝાબનો હું

(બકીયાહ પેજ નં. ૨ પર)

હક્કથી નાસનારા ચૌમે હિસાબ અલ્લાહના ઈન્સાફના પંજામાં પકડા જાશે.

હક્કતઆલાની મહબ્બત આવી હોવી જોઈએ !!!

ખત્મુલ મુરસલીન, આખિરૂન્નબીયીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, નબીયુલ્લાહ શોએબ (અ.સ.) હક્કતઆલાની મહબ્બતમાં એ મુજબ રોયા કે, આપની આંખોની રોશની ચાલી ગઈ અને આપ નાબીના થઈ ગયા. હક્કતઆલાએ આપના ઉપર કરમ ફરમાવો અને આપને પાછા આંખોની રોશનીથી નવાઝા. આપ એ હદ તક રોયા કે, આપ આંખોની રોશનીથી પાછા મહેરૂમ થઈ ગયા અને બીજાના સહારે આપ જાવા-આવવા લાગા. હક્કતઆલાએ આપના પર નવાઝિશ કરીને દોબારા આપને જોવાની દૌલતથી નવાઝા. આપની આદત મુજબ આપે આંખો માંથી એ કૈફીયતના આંસૂ જારી કીધા કે, આપની આંખ પૂરી તરહ સફેદ થઈ ગઈ અને આપને પૂરૂં આલમ સિયાહ દેખાવવા લાગું. આપની મજબૂરી જોઈને હક્કતઆલાએ આપ પર ઈનાયતે ખાસ્સહ કરીને આપની દુનિયા દોબારા નૂરાનીદાર કરી દીધી.

હવે ચોથી મરતબા આપ આહોઝારી કરવા પર કાઈમ રહ્યા, તો હક્કતઆલાએ વહ્ય કીધી કે, "અય શોએબ! કહાં તક તમેં આ મુજબ રોયા કરશો? જો આ તરહનું તમારૂં રોવું હોય તો હું તમને યકીન અપાવું છું કે, મેં તમને હમેશાને વાસ્તે જહન્નમથી બચાવી લીધા. આ સિવાય જો તમારૂં રોવું જન્નત હાસિલ કરવાના શૌકથી હોય તો હું તમને બશારત આપું છું કે, મેં તમને જન્નત બખ્શી દીધી."

નબીયુલ્લાહ શોએબ (અ.સ.) બોલા કે, યા ઈલાહી વ સૈયેદી, અય મારા પરવરદિગાર તું ખૂબ જાણે છે કે, **મેં જહન્નમના ખૌફથી કે જન્નતના શૌખથી નથી રોઈ રહ્યો મગર તારી મહબ્બત મારા દિલમાં એ મુજબ ઉભરી રહી છે** કે, હું તારા બગૈર સબર નથી કરી શકતો. યહાં તક કે, હું તારાથી મુલાકાત ન કરી લઉં. તારી મહબ્બતનો દરિયો મારા દિલમાં એ મુજબ મૌજઝન છે કે, મને તેનો કોઈ કિનારો દેખાતો નથી. હક્કતઆલાએ વહ્યથી જવાબ આપો કે, "જો હકીકતમાં આ જ વાત છે, તો હું તમારા આ રોવાના અજરો સવાબમાં મારા કલીમ મૂસા બિન ઈમ્રાનને તમારા ખાદિમ બનાવીશ અને એ મારા ફરમાનથી સાલોં તક તમારી ખિદમત બજા લાવશે અને તમારા હુકમ મુજબ કોઈ કામ એવું નહીં હોય જેને કરવા પર મારા મૂસા ઈન્કાર કરશે."

હક્કતઆલા કુરઆને કરીમ કુરકાને હકીમમાં ફરમાવે છે કે, **"ઈન કુન્તુમ તોહિબ્બૂનલ્લાહા ફત્તબેઊની યોહબિબકુમુલ્લાહ"**, યાઅની કે, અય નબી! તમેં કહો કે, જો તમેં એમ ચાહતા હોવ કે તમેં હક્કતઆલાથી મહબ્બત કરો તો તમેં મારી પૈરવી કરો. અગર આમ કરશો તો ઝરૂર હક્કતઆલા તમારાથી મહબ્બત કરશે. હક્કતઆલા તરફની મહબ્બત કોઈ બંદો તે વક્ત જ જતાવી શકે કે પહેલામાં પહેલા તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની તમામ સુન્નતોં પર ચાલે અને જે ચીઝનું ઈમામે આલે મોહંમદ ફરમાન કરે તે મુજબ જો કોઈ બંદો અમલ કરે તો તેનો હક્કતઆલાથી મહબ્બત કરવાનો દાઅવો સાચો ઠહેરે. **રસૂલુલ્લાહ બાવાજીની આ દાઅવતે શરીફ્હનો રસ્તો હક્કતઆલાથી મહબ્બત અને કુરબત હાસિલ કરવાનો રસ્તો છે.** જે મુમિન બંદો આ રસ્તે ચાલો તેને બિલાશક હક્કતઆલાની મહબ્બત હાસિલ થઈ જ જાય છે. અય મુમેનીન મુખ્લેસીન, તમારા પર લાઝિમ છે કે, તમેં દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના ઝરીએ આ દાઅવતના રસ્તા પર કાઈમ રહો, જેથી હર વક્ત હક્કતઆલા તમારાથી રઝામંદ રહે અને તમેં હર પલ તેની રહેમતના તલબગાર રહો. ✯

(પેજ નં. ૫ નું બાકી)

મારી લહદની તંગાશના સબબ, કેમકે એટલી નાની જગામાં માટીના સંદૂક જેવી લહદ મને કૈદી બનાવી દેશે. **"અબ્કી લેસોઆલે મુન્કરિવ ન નકીરિન ઇયાયા"**, હું રોઉં છું કે મારા સામે મુન્કર-નકીર ફરિશ્તા આવીને મને સવાલ કરશે અને તેના જવાબ મને એકલા આપવા પડશે. **"અબ્કી લોખોરૂજી મિન કબરી ઉરયાનન ઝલીલન હામેલન સેકલી અલા ઝહરી"**, હું રોઉં છું મારી કબરમાંથી મારા નિકલવા પર કયામતના દિન ઝલીલ થઈને, બેલિબાસ થઈને જે વક્ત મેં મારા ગુનાહોંને મારી

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

કૌમે આદ

નબીયુલ્લાહ મૌ. હૂદ (અ.સ.) ની કૌમ આદ કહેવાય છે. આ લોગો ખેતીવારી, કાશ્તકારી અને બાગ-બગીચાનું કામ કરતા હતા. તેઓની ઉંમર લંબી હતી, ઊંચી લંબાઈના અને ભારી જુસ્સાના હતા. તેઓ તાકતવાર, ઝબરદસ્ત અને જિસ્માની લેહાઝથી ખૂબ ફૂવતવાલા હતા પણ આખિર તો તેઓ બુતપરસ્ત જ હતા. મુખ્તલિફ કબીલાઓ ઝાત-ઝાતના બુતો બનાવીને તેને જ પોતાના ખુદાઓ માનતા થઈ ગયા હતા. કૌમે આદ પહાડોંની ચટ્ટાનોંને કોતરીને યા ગુફાઓંમાં ઘર બનાવતા યા જે જગા સીધી ઝમીન હોય ત્યાં મોટી-મોટી હવેલીઓ બનાવીને રહેતા હતા. અલ્લાહતઆલાએ મૌ. હૂદને આ કૌમ પર નબી બનાવીને મોકલા. આપે કૌમે આદને નિહાયત નરમ લહેજામાં દાઅવત કરીને ફરમાવું કે, "**અય મારી કૌમ, તમેં અલ્લાહની જ ઈબાદત કરો અને તે વાસ્તે હું તમારાથી કોઈ બદલો, ફાયદો કે મઝદૂરી નથી ચાહતો.** અલ્લાહ તેના બંદાના ગુનાહોંને મઆફ કરે છે, લેહાઝા તમેં તૌબા કરો, ઈસ્તિગફાર કરો. આમ કરશો તો તમેં દુકાલ અને ઝમીનની સખ્તીથી બચી જાશો. અલ્લાહ તમને વધારે તાકત આપશે, તમેં તાકતવર થઈને હક્કના નબીથી પીઠ ના ફિરાવો, આ કામ તો ગુનાહગાર લોગોનું છે."

કૌમે નિહાયત સખ્તીથી મૌ. હૂદને જવાબ આપો કે, "અય હૂદ! તમે કઈ દલીલ તો લાવા નથી જેથી તમારો હક્ક તમેં સાબિત કરો. સાલોંથી હમારા ખુદાઓ હમારી ઉમ્મીદોંને પૂરી કરે છે તો હમેં તેમને તમારા કહેવાથી હરગિઝ નહીં મુકીએ. હમેં તમારી વાત નહીં માનીએ, કેમકે હમારા જ કોઈ ખુદાએ તમને પાગલ બનાવી દીધા છે." મૌ. હૂદ બોલા કે, "મેં અલ્લાહને શાહિદ રાખીને કહું છું કે, મને તમારા આ શિર્ક સાથે કોઈ લેવા-દેવા નથી, હું તેનાથી બરી છું, તમને જે કરવું હોય તે કરો, મારો ભરોસો તો ફક્ત અલ્લાહ પર જ છે. હર ચીઝ પર અલ્લાહ કુદરત રાખનારો છે. તેના તરફ જ સિરાતે મુસ્તકીમ છે. તેના જ હાથમાં હક્ક અને ઈન્સાફ છે. કોઈ ઈમાનદારનો અમલ તેના નઝદીક બેકાર જાતો નથી અને કોઈ ઝાલિમ તેનાથી છટકી શકશે નહીં. તે મોહસિનને એહસાનનો બદલો અને બદકારને બદીનો બદલો આપે છે. તે ચાહે એને મુઆફી અને મગફેરત બખ્શે છે."

આખિરમાં આપ નબીએ ફરમાવું કે, "અય મારી કૌમ! મારા નબી હોવાની દલીલ એ જ છે કે, અલ્લાહના ફરમાનથી જે ચીઝ મને તમારા તરફ પહોંચાવવાની હતી તે તબ્લીગે હક્ક મેં તમને પહોંચાવી ચુકો. **હવે જો તમેં તેની તકઝીબ કરશો, ઈન્કાર કરશો, મારૂં કહ્યું ના માનીને ઝિદ કરશો તો તમેં ખુદ તમારી ઝાત પર ઝુલ્મ કરશો.** આ જ હાલતમાં જો અલ્લાહનો અઝાબ ઉતરશે તો તમેં બેશક હલાક થઈ જાશો અને તમારી જગા પર બીજી કૌમ આવશે જેનું તમેં કંઈ જ બિગાડી નહીં શકો." આ તરહ મૌ. હૂદે લોગોને ઈન્તેહાઈ નરમી સાથે સમઝાવા મગર તેઓ સમઝા નહીં. આખિરકાર આ કૌમે આદ સાત રાત અને આઠ દિનના સખ્ત-તરીન અઝાબમાં ગિરફ્તાર રહી અને તેમાં જ તેઓ હલાક થયા અને ઝમીનની પીઠ પરથી તેઓનું નામો નિશાન મિટી ગયું. મગર મૌ. હૂદ અને આપના સાથીઓ મુમેનીન આઠ દિનના તૂફાનથી સલામત રહ્યા અને અઝાબે ઈલાહીથી બચી ગયા. બયાન એમ છે કે, મૌ. હૂદ, મૌ. સાલેહ અને બીજા ઘણા અંબિયા પોતાની કૌમની હલાકી પછી મક્કામાં આવીને રહ્યા. તેથી હજરે ઈસ્માઈલ અને મતાફ, અંબિયા (અ.સ.) ની કબરોંથી ભરેલા છે. ✯

ફાયદામંદ ગિઝા – દાડમ

→ મૌલાના અલી (અ.સ.) દાડમને એના છીલકા સાથે તનાવુલ કરતા અને ફરમાવતા કે, દાડમ પેટને સાફ કરે છે. દાડમના દાનામાં જન્નતનો એક દાનો હોય છે, તેથી અગર એમાંથી કોઈ દાનો પડી જાય તો એને ઉઠાવીને જમી જાવો જોઈએ.

→ આપ (અ.સ.) દાડમમાં કોઈને શરીક નહોતા કરતા અગર એમાંથી કોઈ દાનો પડી જાય તો એને ઉઠાવી લેતા અને એમ ફરમાવતા કે, આ દાડમ કોઈના પેટમાં જાતો નથી મગર એ શૈતાનના વસવસાને એનાથી દૂર કરી દે છે.

→ દાડમમાં કુલ ૫ ખાના હોય છે અને હર ખાનામાં ૭૨ દાના હોય છે. ✯

બીમારી તે ઈન્સાનના બદ અમલથી છે અને શિફા તે અલ્લાહની રહેમતથી છે.

હજરે અસ્વદ

અબૂ સઈદ અલ-ખદરી રિવાયતમાં બયાન કરે છે કે, હમેં ઈબ્ને ખત્તાબ સાથે જે વક્ત હજ્જ કીધી તો તેએ તવાફ દીધા બાદ હજરે અસ્વદ પાસે આવીને તે હજર સામે તવજ્જોહ કરીને કહ્યું કે, હું જાણું છું કે તું પત્થર છે, તું એક બેજાન ચીઝ છે, ન તો તું કોઈને નુકસાન-મઝર્રત પહોંચાવી શકે છે, ન તો તું કોઈને ફાયદો-મન્ફેઅત કરી શકે છે. મેં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને જોયા છે કે, આપ નબી સાહેબ તુંને ચૂમતા હતા, તેના સબબ જ હું તુંને ચૂમું છું. નહીં તો, હું તુંને એક પત્થરને હરગિઝ ન ચૂમતો.

મૌલાના અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) તે જગા પર હાઝિર હતા અને આ મુજબના બેઅદબી ભરેલા કલામને સાંભલતા હતા. આપ મૌલાએ ફરમાવું કે, કેમ નહીં! આ પત્થર નુકસાન પણ પહોંચાવે છે અને સાથે ફાયદો પણ કરી આપે છે. ઈબ્ને ખત્તાબે કહ્યું કે, અય અલી! આ તમેં કઈ સનદથી અને કહાઁથી કહો છો! આપ મૌલાએ ફરમાવું કે, અલ્લાહતઆલા પોતાની કિતાબમાં બયાન કરે છે અને હું તે અલ્લાહના કૌલની સનદથી કહું છું. કુરઆને કરીમમાં આયતે શરીફહ છે કે, અલ્લાહતઆલાએ મૌલાના આદમ (અ.સ.) ને પૈદા કીધા અને આપની પીઠ પર હાથ ફિરાવો અને આપની ઝુર્રીયતને પૈદા કીધી અને તમામથી ઈકરાર લીધો કે, શું હું તમારો રબ નથી? તમામે ઈકરાર કીધો કે, શું કામ નહીં! તું જ હમારો રબ છે અને હમેં તારા બંદાઓ છીએ. આ ઈકરાર પર અલ્લાહતઆલાએ તમામનો મીસાક લીધો અને તેને એક સહીફામાં દરજ કીધો. તે વક્ત હજરે અસ્વદની બે આઁખો અને એક ઝબાન હતી. અલ્લાહતઆલાએ ફરમાન કીધું કે, "અય હજર! તમેં તમારૂં મૂઁહ ખોલો." હજરે અસ્વદે મૂઁહ ખોલું અને તે મીસાકવાલા સહીફાને ગિલી ગયા. તે વક્ત અલ્લાહતઆલાએ તેને કહ્યું કે, **"જે શખ્સ તમારા નઝદીક આવે અને તમને ચૂમે તો તમેં કેયામતના દિન તે શખ્સ વાસ્તે તમેં શહાદત દેજો."**

આ ઝિક પૂરી થઈ તો મૌલાના અલી (અ.સ.) એ ફરમાવું કે, અય ઈબ્ને ખત્તાબ! હું શહાદત દઉં છું કે, મેં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને આ મુજબ કહેતા સાંભલા છે કે, આપ ફરમાવતા હતા કે, રૌઝે કેયામત હજરે અસ્વદ આવશે અને તેની ઝબાન તેઝ હશે. જે શખ્સને તૌહીદ કીધી હશે અને હજરે અસ્વદને ચૂમા હશે તેના વાસ્તે તે શહાદત આપશે. યાઅની કે, ચૂમનાર વાસ્તે હજર આ મુજબ ફાયદો આપશે. હવે જે શખ્સ તેના નઝદીક આવો હશે અને તેની માઅરેફત રાખા બગૈર તેને હલકી નિગાહથી જોયો હશે તો રૌઝે કેયામત આ હજર તે શખ્સને નુકસાન પહોંચાડશે. મૌલાના અલી (અ.સ.) એ ફરમાવું કે, અય ઈબ્ને ખત્તાબ, આ મુજબ હજરે અસ્વદ જે એક પત્થર છે, તુંને મઝર્રત પણ પહોંચાવશે અને ફાયદો પણ કરી આપશે. ઈબ્ને ખત્તાબે પુકારીને કહ્યું કે, અલ્લાહતઆલા મને એવી ઝિંદગીથી બચાવે કે જેમાં હું હોઉં અને અબુલ હસન ન હોય.

મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) કોઈ વક્ત એવું કામ ન કરે કે જે કામમાં મઝર્રત યા મન્ફેઅત બેવે માંથી કોઈ એક ન હોય. આપનો હર કૌલ અને ફેઅલ-કામ હિકમતથી ખાલી હોઈ શકે નહીં. તમામ હુક્કાજે કિરામ જે વક્ત હજરે અસ્વદને ચૂમે છે તો આ મુજબ દોઆ પઢે છે, **"અલ્લાહુમ્મા અમાનતી અદ્દયતોહા બેજોહદી વ મીસાકી તઆહત્તોહૂ લે યશહદા લી ઈન્દકા બિલ બલાગ."** અય અલ્લાહતઆલા! મેં મારી અમાનતને મહેનતો મશક્કતથી અદા કીધી અને મીસાકની હિફાઝત કીધી જેથી આ હજરે અસ્વદ મારા વાસ્તે તારા નઝદીક બલાગની શહાદત આપે.

ઈમામુઝઝમાન (અ.સ.) આપના મુમેનીન વાસ્તે તેઓના આઅમાલની શહાદત આપશે અને ગુનાહોંની મગફેરત વાસ્તે શફાઅત પણ કરશે. કાઅબતુલ્લાહના મમ્સૂલ ઝમાનાના ઈમામ છે, યાઅની કાઅબતુલ્લાહને જોવું તે ઈમામુઝઝમાન (અ.સ.) ના દીદાર કરવા મુજબ છે. હજરે અસ્વદને ચૂમવું તે ઈમામુઝઝમાન (અ.સ.) ની કદમબોસી કીધા બરાબર છે. જેમ કાઅબતુલ્લાહનો હર અમલ હજરે અસ્વદથી શુરૂ થાય છે અને તેના પર જ ખત્મ થાય છે તેમ મુમિનના હર અમલની શુરૂઆત અને ઈખ્તેતામ ઈમામુઝઝમાન (અ.સ.) ની હઝરતે તૈયેબીયહમાં રઝા અને ઈજાઝતથી હોય છે તો જ તે અમલને બલાગ અને કમાલ હાસિલ થાય છે. ✯

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતો
ભલાઈના કામોનો હુકમ કરવો, બુરાઈથી બચવું અને હર વક્ત સાચું બોલવું : કિસ્ત - ૯

ઈન્સાનને અંદર યા તેના આસપાસ ઘણી તરહની બીમારીઓ હોય છે. કંઈક એવી હોય છે કે જે દેખાય છે અને કંઈક પોશીદા હોય છે. તેમાં જિસ્માની, નફ્સાની, અક્લી, સમાજી બીમારીઓ શામિલ છે. હર બીમારીની જડ અને તેને મિટાવવાનો નુસ્ખો અલગ હોય છે. જો તેના વાસ્તે દવા, દોઆ, તદબીર, અદબ, સલાહ યા હુકમ સહીહ વક્ત પર સહીહ તૌરથી કરવામાં આવે તો ખુદાતઆલા તે લોગોમાં બીમારીની રાત બાદ શિફા અને બહેતરીનો સૂરજ ઉગાવે છે. મુમેનીનની જમાઅત એક બાઈઝ્ઝત મજમો છે અને જો તેમાં બિગાડની સૂરત નમૂદાર થાય તો ઔલિયાઉલ્લાહે આઅમાલે ખૈરના ઝરીએ તે બિગાડને દૂર કરવાનો રસ્તો બતાવેલો છે. તે મજમામાં જે આકિલ મુમેનીન હોય તેઓને એક સાથે કામ કરીને તેઓના બીજા ભાઈઓમાં ઘર કરી ગયેલી બદીને મિટાવવા પર હોંશ બતાવેલો છે.

તીસરા દાઈએ મુત્લક સૈયેદના હાતિમ સાહેબ (ક.રૂ.) આપના કિતાબ તન્બીહુલ ગાફેલીનમાં ફરમાવે છે કે, અય મારા ભલા ભાઈ! તમેં સમઝી લો કે, તબીબો-હકીમો કે જેઓ જિસ્માની કે નફસાની બીમારીને દૂર કરવાના માહિર હોય છે, જે વક્ત કોઈ બીમારના ઈલાજ વાસ્તે પોતાની રાય ભેગી કરે છે અને તેઓ એક દવા ઉપર એકમત થાય છે અને દર્દીને શું બીમારી છે તેનાથી ખબરદાર હોય છે અને દર્દી વાસ્તે ખૈર સોચીને એકબીજાના ઝઘડાને ભુલીને તેના ઈલાજ વાસ્તે એકજૂટ થઈને કોશિશ કરે છે, તો ખુદાતઆલા ઘણી ટુંકી મુદ્દતમાં તે મરીઝને તબીબોંના હાથ પર આરામ બખ્શે છે અને તેને શિફા હાસિલ થાય છે.

જો તેઓ એકબીજાને ખિલાફ થઈ જાય, આપસમાં ઝઘડે, વાતને જોડવાના બદલે તોડે, તો તેઓના હાથ પર મરીઝ હલાક થાય છે. તેઓનું ઈલ્મ મરીઝ વાસ્તે ઝહેરનું કામ કરે છે. તો અય મારા રફીક ભાઈ! જો ખુદાતઆલાએ તુંને અક્લથી નવાઝો હોય અને તું જાણતો હોય કે તારા ભાઈઓમાં કઈ બીમારીઓ છે તો તું આકિલ લોગોનો સાથ લે. તું તારા ભાઈઓ વાસ્તે મદદગાર અને ખૈરખ્વાહ બન. લોગો જે બદી પર સવાર હોય અને જો તું તેને દૂર કરવા ચાહતો હોય તો સમઝી લેજે કે સૌથી પહેલા તુંને ખુદ તે બદીથી પાક થાવું પડશે અને જો તું ચાહે કે લોગો આઅમાલે ખૈર કરે તો તુંને ખુદ તે અમલ પર ચાલવું પડશે. ખૈરખ્વાહી તું એકલો કે એક દિનમાં નહીં કરી શકે, તેના વાસ્તે પૂરી ઝિંદગી પણ કમ છે. ખૈર લોગોનો સાથ તે ભલાઈ અને ખૈરખ્વાહીની ચાવી છે. હક્કની દાઅવતના સાહેબની હિદાયતમાં જમાઅતના મુમેનીનની ઈસ્લાહ અને ખૈરખ્વાહી કરવી તે આઅલામાં આઅલા અમલ છે. ખુદાતઆલા તે હર શખ્સને ચાહે છે જે મુમિનને મદદ કરે છે અને એને ઝલીલ થાવાથી બચાવે છે, મુમિનની શાન તે વક્ત બરકરાર રહે છે જે વક્ત એ ભલાઈ રૂપી મોટો પહાડ ચઢીને તેની ટોંચ પર પોતાના ભાઈની ખુશીનો ઝંડો લહેરાવે છે. ✯

(પેજ નં. ૪ નું બાકી)

૩) મખ્લૂકના જે જે હક્કો તારા ઉપર ફરઝ છે તે તું અદા કર યહાઁ તક કે તું અલ્લાહતઆલાની હઝરતમાં તે હાલતમાં પહોંચે કે તારૂં દામન પાક-સાફ હોય અને કોઈનું દૈન તારા માથા પર બાકી ન હોય.

૪) શરીઅતના લેહાઝથી જે જે ફરઝોં પર અમલ કરવાનો હુકમ તુંને કરવામાં આવો હતો અને સુસ્તી તેમજ ગફલતમાં તુંને તે ફરઝોંને ઝાયેઅ કરી દીધા હતા, તેને તું પૂરી તરહ અદા કરવાનો કસ્દ કર.

૫) જે હરામના માલથી તું જમન જમો અને તેના સબબ તારા જિસ્મમાં ગોશ્ત અને ચરબીનો વધારો થયો તેને તું ગમમાં, આહો બુકામાં, ભુખા-પ્યાસા રહેવામાં પિઘાલી દે. તારા જિસ્મની તું એવી હાલત કરી દે કે, તારી ચામડીને નીચેની ખાલ અને હાડકા એકબીજા સાથે ચોંટી જાય. પછી હલાલની રોઝીથી જમ કે જેથી તારા જિસ્મમાં આ બેવેને દરમિયાન નવો ગોશ્ત પૈદા થાય.

૬) તું તારા જિસ્મને ઈતાઅત અને ખિદમત કરવાની મહેનતો તકલીફથી આગાહ કર, તેને આદતમાં લાવ. જેમ ગુનાહોંની મીઠી લઝ્ઝત ચાખવા વાસ્તે તારા જિસ્મને આદત પડેલી હતી.

અય મુમિન! આ તમામ ચીઝોંને તું કરી લે પછી તારી ઝબાનથી બોલ, **"अस्तगफ़िरुल्लाह"**! તો ઝરૂર અલ્લાહતઆલા તુંને ગુનાહોંથી છોડાવશે. ✯

તે ચીઝ જે લોગો શર સમઝે છે, તે શર છે જ નથી જે જન્નત તરફ લઈ જાય.

મજબૂરી

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **" ફમનિઝ્ તુર્રા ગૈરા બાગિવ વલા આદિન ફલા ઈસ્મા અલૈહે "**, યાઅની, કોઈનાથી એવા અમલ થાય કે જે શરીઅતમાં નામુનાસિબ હોય, અને તે શખ્સને ગુનાહનો ખૌફ હોય તો એવી હાલતમાં જો એના દિલમાં અલ્લાહના દીન વાસ્તે કોઈ બગાવત કે દુશ્મની-અદાવત ન હોય તો તેના તે અમલ વાસ્તે અલ્લાહ કોઈ ગુનાહ લખશે નહીં. કિતાબોંમાં બયાન છે કે, જે વક્ત કોઈ મુમિન બંદા પર આ ચાર હાલાત ગુઝરશે અને તે શરીઅતના હુકમથી અનજાણ કે બેખબર હશે, યહાઁ તક કે તેનાથી કોઈ ભૂલ થાશે તો તેના ગુનાહ લખાશે નહીં. (૧) શરીઅતના હુકમની તેને ખબર જ ન હોય. (૨) તેને કોઈ વક્ત સાંભલું હોય મગર ભુલી ગયો હોય. (૩) તે હુકમને ઉઠાવવાની તેની તાકત કે હૈસીયત જ ન હોય. (૪) તેને તે કરવા પર મજબૂર અને લાચાર કરવામાં આવે.

તારીખ આ વાતની શાહિદ છે કે, હક્કના સાહેબનો સાથ આપવા બદલ મુમેનીનને દુશ્મનોંએ કઈ-કઈ તરહથી ઈઝાઓ પહોંચાવેલી છે. અંબિયા (અ.સ.) ના ઝમાનાથી લઈને દોઆત (રિ.અ.) ના વક્ત તક જોઈએ તો હર જગા એક યા બીજા સબબથી મુમેનીન પર ઝુલ્મ થાતો આવેલો છે. પણ આ ઝુલ્મ સાથે મુમેનીન-મુખ્લેસીનના ઈમાનો યકીનમાં કમી નહીં મગર ઝિયાદતી જ થયેલી છે. **મુમેનીન હક્કથી છે, હક્ક પર છે અને હક્ક વાસ્તે ઝુલ્મનો મુકાબેલો કરવા જેહાદની સવારી પર ચઢીને રાહે હક્કને ઈખ્તિયાર કરતા રહેશે.** મૌ. અમ્માર બિન યાસીર (રિ.અ.) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખુસૂસી અસ્હાબ માંથી શુમાર થાય છે. મુશ્રેકીન તરફથી આપ પર કમ ઝુલ્મ નથી થયા. એક દિન ચંદ મુશ્રિકોંએ આપને ધગધગતી આગમાં નાંખી દીધા અને એમ સમઝા કે, હમેં અમ્મારને ખત્મ કરી દીધા. મગર જે માથા પર ખુદ નબી સાહેબે હાથ ફિરાવો હોય તે જિસ્મને આગમાં ઈઝા કેમ થાય? મુશ્રિકોંએ લગાવેલી આગ આપના પર ઠંડી થઈ ગઈ.

આ વાકેઆ બાદ મુશ્રિકોંએ જે વક્ત મૌ. અમ્મારને સહીહો સાલીમ જોયા તો ગુસ્સામાં આગ-બગોલા થઈ ગયા અને મૌ. અમ્મારને ઈઝા દેવા બીજી તરકીબ સોચી. જે વક્ત આપ એકલા હતા તો મૌકાનો ફાયદો ઉઠાવીને આપને પકડીને લઈ ગયા. પાનીથી ભરેલી એક મોટી ટાંકીમાં આપને ડૂબાવી દીધા. આપનો કાબૂ આપના જિસ્મ પર ન રહ્યો અને મજબૂરન મુશ્રિકોંએ પોતાનો ગુસ્સો ઉતારવા આપનાથી નબી સાહેબના ખિલાફ જે કંઈ બોલાવવાનું હતું તે બોલાવી દીધું. જે વક્ત મુશ્રિકોં મૌ. અમ્મારને મિલતા તો ચિડાવતા અને મસ્ખરી કરતા. ઘણા અય્યામ બાદ જે વક્ત આપનાથી રહેવાયું નહીં તો આપ નબી સાહેબને નઝદીક ઝારો કતાર રોતા-રોતા આવા અને જે કંઈ મુશ્રિકોંએ આપનાથી મજબૂરન નબી સાહેબની શાનને ખિલાફ બોલાવું હતું તે તમામ માજરો કહી સંભલાવો. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, ભલે! આ બધી ચીઝોં તમારા સાથે બની પણ તમારા દિલના હાલાત કેવા છે? શું તેમાં કોઈ ઝાતનો કુસૂર આવો છે? અરઝ કીધી કે, **" અય નબીયલ્લાહ! મારું દિલ ઈમાનથી મુત્મઈન છે, સુકૂનયાફ્ત છે. "** નબી સાહેબે શફ્કતથી આપની આઁખોંથી જે આંસૂ જારી હતા, તેને લૂછતા લૂછતા ફરમાવું કે, તમેં ખૌફ ન રાખો! આઈંદા ઝમાનામાં પણ મુશ્રિકોં તમારા સાથે આવી કોઈ હરકત કરે અને તમને મજબૂર કરે, શરમિંદા કરે તો તમેં ગુનાહગાર નથી. કેમકે, અલ્લાહતઆલા તે શખ્સના ગુનાહ કેમ લખે કે, જેનું દિલ હમેશા ઈમાનથી મુત્મઈન હોય. ✯

(પેજ નં. ૧૦ નું બાકી)

પીઠ પર ઉંચકા હશે. ગુનાહોંના બોઝથી મારી પીઠ ખમ થઈ ગઈ હશે. **" અન્ઝોરો મર્તન અન ચમીની વ ઉખ્રા અન શેમાલી ઇઝ્ઝલ ખલાઇકા ફી શાનિન ગૈરા શાની "**, હું પછી નઝર કરીશ મારી જમણી બાઝૂં અને પછી મારી ડાબી બાઝૂં જે વક્ત કે બીજા લોગો તેઓના હિસાબ-કિતાબમાં મશ્ગૂલ હશે અને મારી હાલત તેઓ કરતા બિલકુલ અલગ હશે તો મને ખૂબ શરમિંદગી મહેસૂસ થાશે.

આપ મૌલાએ ફરમાવેલા આ કલામ મુમેનીન વાસ્તે ઈબરત છે કે, આપે બયાન કીધેલી બંદાની આ તરહની કૈફીયત જે વક્ત કે તેને મૌત આવશે અને તેને સિપુર્દે ખાક કરવામાં આવશે, તે વક્ત ગુઝરનાર ખુદાતઆલાની બારગાહમાં આ જ મુજબ દોઆ કરશે અને ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના વસીલાથી કબરની વહેશતથી તે બિલાશક નજાત હાસિલ કરશે. ✯

મુમિનને એક વાર જે ચીઝથી નુકસાન પહોંચે તે તરફ એ બીજી વાર હરગિઝ નહીં જાય.

(પેજ નં. ૮ નું બાકી)

ખુદાએ પોતાના નબી પર વહ્ય કીધી કે, **અય મોહંમદ! મારો બંદો મને છોડીને કહાઁ જાય અને મારા સિવાય તેના ગુનાહને કોન મુઆફ કરે.** એવા ગુનાહગારોં કે જે બખ્શી દેવામાં આવા હોય તેમની જઝા મગફેરત અને જન્નતોં છે કે જેના નીચેથી નહેંરો વહે છે. તેઓ હમેશા તે જન્નતોંમાં રહેશે અને અમલ કરવાવાલાઓંની જઝા ઘણી જ બહેતર છે."

જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આ આયત પઢી કે ફૌરન બોહલૂલની તલાશમાં આપના અસ્હાબ સાથે નિકલી ગયા. ખૂબ તલાશ બાદ બોહલૂલ પાસે પહોંચા અને આપે જોયું કે, તે ખૂબ ઝોર-ઝોરથી રોઈ રહ્યો છે અને કહી રહ્યો છે કે, "અય મારા સરદાર! તુંએ મને ખૂબસૂરત તો બનાવો છે પણ મને ખબર નથી કે તું મને કઈ તરહ જહન્નમમાં જલાવીશ, યા મને જન્નતમાં વસાવીશ. તારૂં અહેસાન ઘણું મોટું છે અને તેના સામે મારો ગુનાહ પણ ભારી છે. તું મને ખબર કર કે, શું તું મને મુઆફ કરી દઈશ કે જહન્નમમાં જલાવીશ."

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તેના પાસે ગયા, તેને મગફેરત અને જન્નતની ખુશખબરી સંભલાવી. તેના હાથોંને ગલામાંથી ખોલી દીધા. તેને જમન-પાનીથી સૈરાબ કીધો અને ફરમાવું કે, "વધામણી લે કે, તું આજે ખુદાતઆલા તરફથી જહન્નમથી આઝાદ કરવામાં આવો છે. તે બાદ આપે અસ્હાબને મુખાતિબ થઈને ફરમાવું કે, **બોહલૂલની મુજબ તમેં પણ તમારા ગુનાહોંને બખ્શાવી લો. શાયદ કે કાલે મૌતની મંઝિલ અપનાવવી પડે તે પહેલા તમેં મગફેરત અને તૌબાને અપનાવી લો.**"

બોહલૂલના તૌબા કરવાના તરીકાથી હમને સબક લેવો જોઈએ કે, એક ગુનાહગાર બંદો જે વક્ત પોતાના ગુનાહનો એતેરાફ કરીને ખુદાની હઝરતમાં પૈશ થાય છે તો તેની સાચી નિય્યત અને ખરી તૌબાના સબબ બદતરમાં બદતર અમલ વાસ્તે પણ ખુદા મુઆફ કરી દે છે. ખુદાતઆલા હમને બોહલૂલ જેવી તૌબા નસીબ કરે અને હમારા ગુનાહોંની બખ્શિશ વાસ્તે હમેં હર વક્ત કોશિશ કરા કરીએ એવી નૈક સમઝ હમને અતા ફરમાવે. આમીન, યા ખૈરલ ગાફેરીન. ✯

ખુશી-ગમ : અલવી કલામ

ખુદાતઆલાએ આ દુનિયાની ઝિંદગી બેસિબાત અને બેકરાર બનાવેલી છે. કોઈ પણ વક્ત તે એક હાલતમાં રહેતી નથી. હર દિન તે ઈન્સાનને વાસ્તે એક નવો ઈમ્તેહાન આપવાને મજબૂર કરે છે. કેમકે, ઈન્સાન એક વાર આ દુનિયામાં આવે છે તો એની મૌત તક એને કોઈ છુટકારો નથી પણ ઝિંદગીની ધૂપ-છાઁવ, કડવાશ-મિઠાશ, સહેલાઈ-સખ્તાઈ, ઉતાર-ચઢાવ અને ખુશી-ગમીથી ગુઝરે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, "ઈન્સાનને કોઈ એવી ચીઝ હાસિલ થઈ જાવી એને ખુશ કરી દે છે જેના વાસ્તે એ એમ સમઝે છે કે, આ ચીઝ બસ હવે મારી જ છે અને મારા હાથોંથી તે કોઈ વક્ત નહીં જાય. હવે આ ચીઝ જેને એ પોતાની માનવા લાગી ગયો હોય, તેના સાથે એનું દિલ મિલી ગયું હોય અને ખુદા-નખ્વાસ્તા તે ચીઝ એના હાથ માંથી ચાલી જાય તો એને ખૂબ ગમગીન બનાવી દે છે. **ઈન્સાન ખુશ થયો તેના વાસ્તે જે એની હતી જ નહીં પણ મિલી ગઈ અને ગમગીન થયો તેના સબબ કે, જે એની હતી જ નહીં ને હાથથી ચાલી ગઈ.** આ તરહની ઈન્સાનની ખુશી અને ગમ બેકાર અને બેમાઅના છે.

અય મુમેનીન! તમારી ખુશી ફક્ત આખેરતમાં નજાત હાસિલ કરવા વાસ્તે જે ચીઝોને તમેં દુનિયામાં અપનાવી તે વાસ્તે હોવી જોઈએ. આખેરત તરફ લઈ જાનારી ચીઝો માંથી જો કોઈ ચીઝ હાથ માંથી નિકલી જાય યા અછત થઈ જાય તો રંજ થાવો જોઈએ. તમારી આ ખુશી અને ગમ સહીહ છે. તમેં દુનિયાની ચીઝના હાસિલ થાવા પર ખુશ ન થાવ અને જે તમને ન મિલે તેના પર બેકરાર ન થાવ કે અફસોસ ન કરો. કેમકે, આ જહાનની હર ચીઝને ફના છે, પછી તે તમારા પાસે રહે યા બીજા પાસે. તેનાથી થોડો ફાયદો જો થાય તો તેની હદ દુનિયા તક જ છે, આખેરતમાં તેની કોઈ જગા નથી. તો પછી ખુશ તેના વાસ્તે થાવ કે જે તમને હમેશાની બકા અને ઝિંદગીનો લુત્ફ બખ્શતું હોય. ✯

ઈન્સાનના દિલની વાત, એની ઝબાનથી કલામના ઝરીએ યા એના ચહેરાથી તઅસ્સુરાતના ઝરીએ ઝરૂર ઝાહિર થાશે.

ઈલ્તેજા
દર બારગાહે અલવી

સૌઝે દિલ યાહીયે યશ્મે નમ યાહીયે,
ઔર શૌકે તલબ્ભ મોઅતબ્બર યાહીયે,
હો મયસ્સર ઝિયારત અલી કી અગર,
આંખ કાફી નહીં હે નઝર યાહીયે.

ઉનકી મહેફિલ કે આદાબ કુછ ઔર હે,
લબ્બ-કુશાઈ કી જુર્અત મુનાસિબ નહીં,
ઉનકી સરકાર મેં ઈલ્તેજા કે લીયે,
જુંબિશે લબ્બ નહીં ચશ્મે તર યાહીયે.
સૌઝે દિલ . . . . .

મૈં મુજાવિર હું મૌલા કી સરકાર કા,
શીશ મહેલોં કી મુઝકો તમન્ના નહીં,
હો કરમ ઉનકા મુઝ પર સદા કે લીયે,
મેરે દિલ કી દોઆ મેં અસર યાહીયે.
સૌઝે દિલ . . . . .

મુમેનીં રૌઝે પર રોતેં હૈં ઝારઝાર,
કબ્ર કો દેખ લે હે યહીં ઈન્તેઝાર,
અપના એઅઝાઝ હમકો દિખા દીજીયે,
હમકો દુનિયા, ન દૌલત, ન ઝર યાહીયે,
સૌઝે દિલ . . . . . ☆

Shining Star



Sister **Sakina Taalib Husain Lokhandwala**, student of SYBComm (MSU) has secured 25th position in All India Ranking and 5th Rank in Baroda in CS Foundation Examination conducted by ICSI, New Delhi. It is a mark of pride that our students are getting such distinction to be ranked at AIR due the hard work and sincere efforts. ☆

પૈગામે મસર્રત

કારેઈન સાલેહીન ને મુલ હિજ્જતિલ હરામ મહીનાની બે ઈદો - ઈદુઝ્ઝબીહત (૧૦મી તારીખ) અને ઈદુલ વલાયત (૧૮મી તારીખ) ની ઈબાદત, નેઅમત અને સઆદતની ખુશી-ખુર્રમી મુબારક થાય. ઝબીહત અને વલાયત તે મીસાકનો અહમ હિસ્સો છે. આ ઈદની મસર્રત તે છે કે જેમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની દરજ્જે વસાયત પર કાઈમ-મકામી અને તાજપોશી હમારા દીન અને ઈમાનની બલંદીનો સબબ બનેલી છે. ☆

મુબારકબાદ



મુશ્તાકઅલી નાદેઅલી ઊસીસાવાલા કે જેની ઉંમર ૯ સાલ છે, તેને આ શહરૂલ્લાહના પૂરે પૂરા રોઝા રાખેલા છે. જેના વાસ્તે તેના વાલેદૈન અને ઘરના અફરાદ મુબારક બાદી આપે છે.

ખુદાતઆલા હર બચ્ચાને આવી આદતના કરે જેથી તે જવાનીમાં નમાઝ-રોઝાના ઝેવરથી ઝીનતદાર થઈ શકે. ☆

અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.

નોંધ : મિશ્કાતુલ-હાદીના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

સાલાના લવાઝેમાત (Yearly Subscription)
₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★